।। सा विद्या या विमुक्तये ।।

# શારદ

વર્ષ ૧૫ નવેમ્બર-ડિસેમ્બર - ૧૯૯૪ અંક ૩

## વાલીઓને

### વાહન વ્યવહારનો પ્રશ્ન

યુરોપનાં અગ્રગણ્ય દેશોમાં પણ સાયકલનો વપરાશ વિપુલ પ્રમાણમાં થાય છે, ત્યારે આપણે ત્યાં સોળ વર્ષની ઉંમરે લાયસન્સ આપીને ઉગતી પેઢીને સ્કુટર ઉપર, આડેધડ વાહનો ચલાવતાં આપણે કર્યાં છે. ડેન્માર્કનાં કોપનહેગન શહેરમાં પણ ઓફિસો છૂટે ત્યારે રસ્તાઓ ઉપર સાયકલ સવારોની વિશાળ સવારીઓ નજરે પડે છે.

સત્તર અઢાર વર્ષની ઉંમરના અનેક યુવાનોને બેફામ વાહનો ચલાવતા જોવાથી ભલે આપણે ટેવાઈ ગયા હોઈએ પણ એ ચિંતાજનક દૃશ્ય તો છે જ. લાયસન્સ વિના પણ વાહનો ચલાવનારની સંખ્યા ધારીએ તેટલી ઓછી નથી. એમાંથી ઉભા થતાં પ્રશ્નોનો અંદાજ આવા બાળકોના વાલીઓને છે ખરો ? એવો પ્રશ્ન ઘણીવાર થાય છે. ખર્ચ, સ્વાસ્થ્ય, અને પ્રદુષણ આ બધાં જ મુદ્દાઓ અવશ્ય વિચારણા માંગે છે. માત્ર સોળ વર્ષની ઉપરનાને લાયસન્સ આપવા પાછળનો તર્ક એક જ દિશા તરફ દોરે છે, સસ્તી લોકપ્રિયતા ; આ સસ્તી લોકપ્રિયતાની વૃત્તિએ જ આજની લોકશાહીમાં આપણી સ્થિતિ આવી કંગાળ કરી છે એવી લાગણી થયા સિવાય રહેતી નથી.

સવારની શાળામાં સમયસર પહોંચી શકાય તેવા હેતુથી આવા વિદ્યાર્થીઓનું શોષણ થતું અટકાવવા શાળામાં થોડા વાહનો પાર્ક કરવાની સુવિધા આપવામાં આવી હતી પરંતુ આજે વાહનોની સંખ્યા એટલી હદે વધતી જાય છે કે અન્ય પ્રવૃત્તિઓના ભોગે આ વાહનોને પાર્ક કરવા માટેની જગ્યા વપરાય છે એટલે અમારે પણ આ અંગે કંઈક વિચાર કરવો પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. કમસેકમ લાયસન્સ વિનાના ચાલકનું વાહન તો રાખી ન જ શકાય એવો અમારો નિર્ણય છે જ, આને માટે જરૂરી વ્યવસ્થામાં આપનો પણ સહકાર અપેક્ષિત છે. ઘણાં વાલીઓ સાથેની વાતચીતથી લાગે છે કે વાલીઓ પણ આ બાબતમાં સરખો વિચાર અમારી સાથે ધરાવે છે. કેટલાકનું કહેવું તો એવું છે કે ''શું કરીએ ?'' ઘણા જણાવે છે કે તમે જે જોખમો જણાવો છો તેનાથી પરિચિત તો છીએ જ પરંતુ હવે બધાં આવું કરે છેએટલે અમારે ચલાવી લેવું પડે છે. આ બધું હોવા છતાં લાયસન્સ વિના જો કોઈપણ વાહન શાળામાં આવશે તો તેને ગંભીર શિસ્તભંગ અમે ગણીશું. શાળા - પ્રવેશ સમયે પણ અમે ગંભીરતાપૂર્વક આ વાત વાલીઓનાં ધ્યાન પર લાવીએ જ છીએ. આપના બાળકનાં હિતમાં જ આવી શિસ્તનો અમારો આગ્રહ છે તે કહેવાની ભાગ્યે જ જરૂર સમજું છું

દિનુભાઈનાં વંદન

### ડાઈનીંગ ટેબલ ગોઠવણી સ્પર્ધા

''મમ્મી ! ઓ મમ્મી.... આજે કેમ આ બધી નવી પ્લેટો ચમચી ને બધું કાઢ્યું છે ? કોઈ મહેમાન આવવાનાં છે ?''

''દીકરા ! આજે તો પપ્પાનાં સાહેબ અને તેમનાં ઓફિસના બધાં જમવા આવવાનાં છે''

''તો મમ્મી હું ટેબલ ગોઠવું ? બહુ સરસ ગોઠવીશ...''

''તને ન આવડે બેટા ! બીજા કોઈ આવવાનાં હોય ને ત્યારે તું ગોઠવજે હોં ! આજે તો મારે ગોઠવવું પડશે. આ તો બહુ મોટા મહેમાન છે. અને જો.... મહેમાન આવે ત્યારે નમસ્તે કહીને તારી રૂમમાં ભણવા બેસી જજે. અહીં ધમાલ ન કરતો બરાબર !''

અને અનિષના મનમાં એક આઘાત લાગ્યો.... હું છઠ્ઠા ધોરણમાં ભણુ છુ. આટલો મોટો થયો છું ત્હોંય મમ્મી મને હજી નાનો નાનો જ કર્યા કરે છે ! તે દીવસે કાકાને બધાં આવવાનાં હતાં ને મમ્મીને કામમાં ખૂબ મોડું થયું હતું તો મમ્મીએ કહ્યું, ' ''તું ટેબલ તૈયાર કરી દે ને મેં ટેબલ ગોઠવ્યું હતું જને ! ત્હોંય આજે મમ્મી કહે છે, તું નાનો છે.''

આપણા સંતાનોમાં રહેલી શક્તિને આપણે આમ કેટકેટલી વાર ઓળખી શક્તાં નથી ! અંદાજી શક્તાં નથી ! ને તેને પરિણામે એ સંતાનોની લાગણી પર એક ઘેરો આઘાત આપીએ છીએ. કોઈની મદદ મળતી નથી કહી કહી મૂંઝાઈએ છીએ અને સંતાનોમાં આત્મવિશ્વાસ પ્રગટ થવા દેતાં નથી. પરંતુ એ જ વિદ્યાર્થીઓમાં કેટલી શક્તિ પડી છે, આવડત છે, સૂઝ છે તેનો ખ્યાલ અમને હમણા જ સ્કુલમાં ડાઈનીંગ ટેબલ ગોઠવવાની સ્પર્ધા યોજી ત્યારે આવ્યો.

વિદ્યાર્થી ભાઈબહેનોએ ખૂબ સરસ રીતે ટેબલ તૈયાર કર્યાં હતાં. નેપકીનની વિવિધ રીતે ગડી વાળી તેની ગોઠવણી એમની ચીવટ ને કલામય દૃષ્ટિનો ખ્યાલ આપતાં હતાં. ટેબલ પરની ચાદર, ક્રોકરી, તેની પસંદગી ને તેની ગોઠવણ, આ બધા જાણે તેમનાં હૃદયમાં રહેલાં આતિથ્યભાવને અભિવ્યક્ત કરતાં હતાં. તેમનો આનંદ, ઉત્સાહ ઉમંગ તેમાં જાણે વ્યક્ત થતાં હતાં. રંગોની પસંદગી ને તેની રજૂઆત દાદ માંદગી લે તેવા હતાં અને સેલાડની ગોઠવણી ! પાઈનેપલનો મોર, બ્રેડમાંથી બનાવેલી ઝુપડી, ફ્રુટને તેની સાથે શાકનાં રંગોની એ અદ્ભુત રચના ને ગોઠવણી ઘડીભર મનને સ્તબ્ધ કરી દેતાં હતા. જાપાનીઝ કલાને અભિવ્યક્ત કરતાં એ ટેબલ પર જાણે બધુજ જાપાનની કલાની જેમ સુકોમળ અને આંખને ગમી જાય તેવા હળવા રંગોમાં ગોઠવાયું હતું. આ જોતાજ લાગ્યું કે આપણે આ વિદ્યાર્થીઓની શક્તિને પારખી શક્તાં નથી પણ તેમનામાં સૂક્ષ્મપણે નિરીક્ષણ કરવાની શક્તિ છે અને એ નિરીક્ષણ પછી એ જ્ઞાનનો તેમની આ ગોઠવણીમાં કેવી રીતે ઉપયોગ કરવો તેની પણ તેમનામાં સૂઝ છે, આવડત છે, કલામય દૃષ્ટિ છે, પોતાને આંગણે આવતા અતિથિનું આતિથ્ય કરવા માટે જાણે તેમનો થનગનાટ તેમાં વ્યક્ત થતો હતો. વિદ્યાર્થીઓએ તો એ પ્રદર્શન જોયું પણ મને લાગે છે કે વાલીઓએ પણ એ જોયું હોત તો તેમનાં સંતાનોમાં રહેલી અગાધ શક્તિનો તેમને પરિચય થાત. એ વિદ્યાર્થીઓની કલાસૂઝ, આવડત, અને આત્મવિશ્વાસ સાચેજ ધન્યવાદને પાત્ર છે. આજની ઉગતી પેઢીમાં પણ ઘણું હીર પડ્યું છે.

## ''ના, હું લ્યૂના પર નહીં જાઉં ''

''અર્પિતા. તારે સ્કુલનું મોડું થશે. શું કરે છે ક્યારની ? આજે સ્કુલ નથી ?''

''મમ્મી.. સ્કુલ તો છે પણ હું કેવી રીતે જાઉં ? મારું કાઇનેટીક તો આજે નિરજ લઈ ગયો છે...''

''પણ એનું લ્યૂના તો પડ્યું છે ને ? એ લઈને જા...''

''ના મમ્મી...લ્યૂના ઉપર તે કાંઈ સ્કુલમાં જવાય ? મને એવું નથી ગમતું....''

''બેટા ! એમાં શો વાંધો ? વગર કારણે શું કામ સ્કુલ પાડે છે ? ભણવાનું ન બગડે ?''

અર્પિતાની મમ્મી અર્પિતાને સ્કુલે જવા સમજાવી રહી હતી પણ વ્યર્થ.

સ્વતંત્ર વાહન એ આજના વૈજ્ઞાનિક અને ઝડપી યુગમાં જીવનની એક જરૂરીયાત બની ગઈ છે. પહેલાં તો વિદ્યાર્થી સવાર સાંજ અડધો કલાક ચાલીને પણ સ્કુલમાં જતો ને આવતો, પરંતુ ધીરે ધીરે સાયકલનો વપરાશ વધુને વધુ થવા માંડયો, આજે લગભગ બાળક ત્રીજા ધોરણમાં આવે ત્યારથી સ્વતંત્ર સાયકલની માંગણી ચાલુ થઈ જાય છે, ને મોટાભાગનાં માબાપોએ બાળકની તે માંગણીને પૂરી પાડવી પડે છે. નવમાં કે દસમામાં આવતાં આવતાંમાં તો પછી એ જ વિદ્યાર્થીને સાયકલ પર આવવામાં નાનમ લાગવા માંડે છે ને લ્યૂના કે કાઈનેટીકની માંગણી મૂકાય છે, તેમાંથી આગળ વધીને અગીયારમાં બારમામાં આવતાં તો એ જ વિદ્યાર્થીનાં મનમાં એક પ્રતિષ્ઠાનું ભૂત એવું સવાર થઈ જાય છે કે ''લ્યૂના ઉપર તે સ્કુલમાં જવાય ?,'' પછી તેમાં માબાપને પોસાય કે નહીં... અરે ! ક્યારેક તો પિતા પોતે બસ પકડીને ઓફિસ જતાં હોય તોય તેણે તેના દિકરાને તોવાહન અપાવવું જ પડે છે. માબાપ મનમાં વિચારે છે. ''એની ઇચ્છા પૂરી નહીં કરીએ તો એને દુઃખ થશે, એનાં મિત્રવર્તુળમાં તેને Inferiority Complex લાગશે ? અરે ! ક્યારેક તો માબાપ સંતાનને સમજાવતાં કે દલીલ કરતાં ય બીએ છે કે ક્યાંક એ ગુસ્સે થઈ જાય ને ન કરવાનું કરી બેસે તો ? ઘર છોડીને જતો રહે તો ? એ એનાં વર્તુળમાં માથું ઊંચું રાખી કેવી રીતે જીવી શકે ? સંતાનના મનોભાવ વિષે આટલા વ્યથિત આપણે એ જ સંતાનને વાહન આપતાં પહેલાં એ વાહન સાથે કેટકેટલી જવાબદારી વહોરે છે તેનો ખ્યાલ આપીએ છીએ ખરાં ? તેને ટ્રાફિક અંગેની પૂરતી સમજ આપીએ છીએ ખરાં ? ''ઝડપની મઝા ને મોતની સજા'' એ જીવનનું કેટલું નક્કર સત્ય છે તે વિષે તેને પૂરેપૂરો ખ્યાલ આપીએ છીએ ખરાં ?''

આજે રસ્તા ઉપર સડસડાટ વાહન ચલાવતાં આવાં વિદ્યાર્થીઓ જોઉં છું, ગમે ત્યાંથી ગમે ત્યાં નીકળતાં, વળતાં, બેજવાબદાર રીતે વાહન પાર્ક કરતાં, આ બધાંને જોઉં છું ત્યારે મને ક્યારેક દુઃખ થાય છે કે આ સંતાનો અને માબાપને કેવી રીતે સમજાવવું કે કોઈ પણ નવી સગવડ મેળવતાં પહેલાં તેને માટેની લાયકાત કેળવવી એ બહુ મોટી જરૂરીયાત છે, જવાબદારી છે, ફરજ છે !!

- ઊર્મિલા શાહ

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા. ૮-૧૦-૯૪ને શનિવારનાં રોજ બાલમંદિરમાં નવરાત્રિ ઉત્સવ ઉજવાયો. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કુ. આનતિબેન શાહ તથા શ્રી સંજયભાઈ ઓઝાએ પોતાનાં મીઠાં કંઠે ગરબા ગાઈ આખાય વાતાવરણને રસમય રીતે ગૂંજતું કરી દીધું. બાળકોએ રંગબેરંગી વેશપરિધાનમાં સજ્જ થઈ હર્ષ અને ઉલ્લાસ સાથે તાલબદ્ધ રીતે સુંદર અભિનય દ્વારા સૌ કોઈનાં મન જીતી લીધાં, સૌનાં મુખમાંથી ઉદ્ગાર સરી પડયાં, ''આટલાં નાનાં બાળકો આટલા સુંદર ગરબા કરી શકે છે !'' ઉત્સવ પૂરો થતાં સૌ બાળકો પ્રસાદ લઈ છૂટા પડયાં.

તા. ૨૧-૧૧-૯૪ થી બીજા સત્રનું કામકાજ શરૂ થઈ ગયું છે ને બાળકો ફરી પ્રવૃત્તિમાં ગોઠવાઈ ગયાં છે.

તા. ૨૬-૧૧-૯૪ના રોજ બાલમંદિર બ વિભાગ, તા. ૩-૧૨-૮૪નાં રોજ બાલમંદિર અ વિભાગ તથા તા. ૧૦-૧૨-૯૪નાં રોજ તાલીમ વિભાગનાં બાળકોએ મીની ઝુની મુલાકાત લીધી. બાળકોએ ખૂબ મઝા માણી.

તા. ૫-૧૨-૯૪ થી તા. ૧૦-૧૨-૯૪ સુધી તાલીમ વિભાગનાં બાળકો માટે રમતગમતની સ્પર્ધા યોજાઈ, વિજેતા નિવડનાર બાળકોને અભિનંદન. તેમને બિરુદ આપવામાં આવશે.

## શિશુમંદિર

''ગાંધી સવાસો વર્ષ'ની ઉજવણીનાં ભાગ રૂપે ગાંધી જયંતિ સમાહની ઉજવણી કરવામાં આવી. જેમાં ધોરણ ૧ થી ૭નાં વિદ્યાર્થી ભાઈબહેનોએ ગાંધીજીનાં જીવનનાં વિવિધ પ્રસંગો નાટક દ્વારા રજૂ કર્યા, ને તે દ્વારા ગાંધીજીનાં જીવન તથા તેમનાં આદર્શોનો પરિચય કરાવ્યો આઝાદીની ચળવળ, અસહકાર, અહિંસા, સત્ય, સ્વચ્છતા, કરકસર, રાષ્ટ્રભાષાનું મહત્ત્વ, ગરીબોના બેલી, દરિદ્રનારાયણની સેવા, અસ્પૃશ્યતા નિવારણ, પ્રાર્થનાનું મહત્ત્વ વગેરે અંગે બાળકોએ સુંદર અભિવ્યક્તિ કરી. આ ઉપરાંત, પ્રાર્થના ભજન અને ધૂનનું આયોજન કરવામાં આવ્યું. શાળાનાં વર્ગો અને મેદાનની સ્વચ્છતા તેમજ વ્યક્તિગત સ્વચ્છતાને લક્ષ્યમાં લઈ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યાં ને તે રીતે બાળકોને તે માટે જાગૃત કરવામાં આવ્યાં.

**નવરાત્રિ :** નવરાત્રિ દરમિયાન દરરોજ ધોરણ ૫ થી ૭નાં વિદ્યાર્થીઓએ શક્રાદય સ્તુતિ અને ગરબા રજૂ કર્યા. તા. ૧૭-૧૦-૯૪ નાં રોજ ધોરણ ૧ થી ૪ તથા ૧૮-૧૦-૯૪ ના રોજ ૫ થી ૭ માટે ગરબા હરીફાઈ યોજવામાં આવી. બહેનોએ તેમાં ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો તેમાં વિજેતા ભાઈબહેનોને અભિનંદન.

**ચિત્રસ્પર્ધા :** ગાંધીજીનાં જીવન પ્રસંગો પર આધારિત ચિત્ર સ્પર્ધા ધોરણ ૧ થી ૭ માટે યોજાઈ. જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો. વિજેતા ભાઈબહેનોને અભિનંદન. આ ચિત્રોનું પ્રદર્શન તા. ૮-૧૨-૯૪નાં રોજ યોજવામાં આવ્યું.

**ધોરણ ૧ અને ૨**

| | |
|---|---|
| **પ્રથમ :** | કાનુગા સ્નેહા (૨ અ) |
| **દ્વિતીય :** | પટેલ દેવર્ષ (૨ અ) |
| | શાહ સાહિલ (૧ અ) |
| **તૃતીય :** | ગાંધી પરીન (૨ અ) |

**ધોરણ ૩ - ૪**

| | |
|---|---|
| **પ્રથમ :** | શેઠ દેવાંશી (૩ અ) |
| **દ્વિતીય :** | શાહ પ્રતીક (૩ ક) |
| **તૃતીયઃ** | શાહ સોનમ (૪ અ) |

**ધોરણ ૫, ૬, ૭**

| | |
|---|---|
| **પ્રથમ :** | ચોગાનવાલા પરીન (૬બ) |
| **દ્વિતીય :** | પરીખ કુંતલ. (૫ બ) |
| | વૈદ્ય કાનન (૬ અ) |
| **તૃતીયઃ** | ગોસલીયા મનન (૬ ક) |
| | શાહ આકાશ (૫ બ) |

ધોરણ ૫ તરફથી હસ્તલિખિત ચિત્રમય અંક 'આપણા વાહનવ્યવહારના સાધનો' તથા ધોરણ ૬ તરફથી 'सृष्टिकी सौगात्' તૈયાર કરવામાં આવ્યાં.

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**સમતોલ આહાર સ્પર્ધા સાપસીડી સ્પર્ધા : ૧૫-૯-૯૪**

| | |
|---|---|
| **પ્રથમ :** | મહેતા માલવ ધવલગિરિ |
| | ધ્રુવ કવન ધવલગિરિ |
| **દ્વિતીય :** | અમીન હર્ષ ગંગોત્રી |
| | શાહ પ્રીતવ ગંગોત્રી |
| **તૃતીયઃ** | શાહ રોનક રત્નદીપ |
| | શાહ કશ્યપ રત્નદીપ |
| **ચતુર્થ :** | શાહ બ્રિજેશ મેઘનાદ |
| | મુનશી અભિજીત મેઘનાદ |

**આરતી સ્પર્ધા ૧૨-૧૦-૯૪**

| | |
|---|---|
| **પ્રથમ :** | શાહ પ્રીતવ ગંગોત્રી |
| **દ્વિતીય :** | શાહ હરિતા ગંગોત્રી |
| | દલાલ ગૌરવ મેઘનાદ |
| **તૃતીયઃ** | પટેલ પલક મેઘનાદ |
| | સંઘવી પાયલ ધવલગિરિ. |

નિર્ણાયક તરીકે ચિ. નિયતી મહેતા અને ચિ. સર્જન શાહે સેવા આપી તે બદલ ધન્યવાદ.

**અભિનંદન કાર્ડ સ્પર્ધા ૧૯-૧૦-૯૪**

| | |
|---|---|
| **પ્રથમ :** | પરીખ અદિતી ધવલગિરિ |
| **દ્વિતીય :** | શાહ રોનક રત્નદીપ |
| | નવાબ માનસી ગંગોત્રી |
| **તૃતીયઃ** | શાહ રિદ્ધિ ગંગોત્રી |
| | શાહ અંકિતા મેઘનાદ |

**રંગોળી સ્પર્ધા ૨૦-૧૦-૯૪**

| | |
|---|---|
| **પ્રથમ :** | પટેલ પલક મેઘનાદ |
| **દ્વિતીય :** | નવાબ માનસી ગંગોત્રી |
| **તૃતીયઃ** | શાહ શૈલી ગંગોત્રી |
| | મહેતા માલવ ધવલગિરિ |

નિર્ણાયક તરીકે શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓ ચિનાર ઠાકોર અને ઝહીન ઠાકોરે સેવા આપી હતી, તે માટે ધન્યવાદ.

**ડાઈનીંગ ટેબલ ગોઠવવાની સ્પર્ધા : ૧૩-૧૨-૯૪**

**ભાઈઓ :**

| | |
|---|---|
| **પ્રથમ :** | અમીન હર્ષ ગંગોત્રી |
| | શાહ પ્રીતવ ગંગોત્રી |
| **દ્વિતીય :** | શાહ રોનક રત્નદીપ |
| | શાહ કશ્યપ રત્નદીપ |
| **તૃતીયઃ** | દલાલ હર્મિલ ધવલગિરિ |
| | શેઠ શ્રીધર ધવલગીરી |
| **આશ્વાસન :** | મુનશી અભિજીત મેઘનાદ |
| | શાહ બ્રિજેશ મેઘનાદ |

**બહેનો :**

| | |
|---|---|
| **પ્રથમ :** | ચોકસી નિકી રત્નદીપ |
| | શાહ શિમોની રત્નદીપ |
| **દ્વિતીય :** | શેઠ રાજસી મેઘનાદ |
| | પટેલ પલક મેઘનાદ |
| **તૃતીયઃ** | નવાબ માનસી ગંગોત્રી |
| | શાહ હરિતા ગંગોત્રી |
| | શુક્લ વાચા ધવલગિરિ |
| | પરીખ અદિતિ ધવલગિરિ |

નિર્ણાયક તરીકે શ્રી નમિતાબેન ભટ્ટે સેવા આપી તે બદલ આભારની લાગણી વ્યક્ત કરું છું.

**વેમીકોલ સ્પર્ધા ૧૧-૧૦-૯૪**

| | |
|---|---|
| **પ્રથમ :** | પ્રજાપતિ ઋતુ |
| **દ્વિતીય :** | ત્રિવેદી મહર્ષિ |
| **તૃતીયઃ** | સ્માર્ટ સૌમ્ય |

**આશ્વાસન ઈનામો**

લાખિયા રેવત, ગદાણી બિનલ, શાહ કુણાલ, દવે નેહા તથા શાહ ધવલ.

## અભિનંદન

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની બાળવિકાસ એકાદમી દ્વારા તા. ૬-૧૨-૯૪ના રોજ ટાગોર હોલ ખાતે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનાં મંત્રીશ્રીનાં વરદ્ હસ્તે ચિં. શર્વિલ ટંકશાળીનું બહુમાન કરવામાં આવ્યું તે બદલ ભાઈ શર્વિલને ધન્યવાદ.

'સંસ્કૃતિ' હૈદરાબાદ આયોજીત ઓલ ઈન્ડિયા રંગોળી ડિઝાઇન એકઝીબીશનમાં નીચેના વિદ્યાર્થીઓએ પ્રમાણપત્રો મેળવ્યાં છે તે માટે તેમને ધન્યવાદ.

વૈદ્ય શચી, વૈદ્ય કાનન, શાહ પ્રતિક, શાહ મૌનિશ, શાહ માલવ, મુનશી દેવાંગી, લાખિયા મુંજાલ, મુનશી રાજીતા, પટેલ ચાર્મી, પટેલ હેતા, પટેલ પ્રાપ્તિ.

રસના તથા જે.સી. આયોજીત તત્કાલ ચિત્ર સ્પર્ધામાં શાહ પ્રતિકને પ્રથમ ઈનામ મેળવવા બદલ અભિનંદન

ગુજરાત રાજ્ય કલાશિક્ષક સંઘ આયોજીત રંગપૂરણી ચિત્ર સ્પર્ધામાં શાહ પ્રતિકે તથા નવાબ માનસીએ ઈનામો પ્રાપ્ત કર્યા છે તે બદલ ધન્યવાદ.

લાયન્સ ક્લબ ઓફ વસ્ત્રાપુર આયોજીત 'Peace Poster Contest'માં ચિ. કાનન વૈદ્ય તથા ચિં. ચાર્મી પટેલે પ્રમાણપત્રો મેળવ્યાં છે તે બદલ અભિનંદન.

**ફેન્સી ડ્રેસ :** બરોડા બેંક સ્પોર્ટસ એન્ડ રીક્રીએશન ક્લબ આયોજીત વેશભૂષા સ્પર્ધામાં પ્રથમ ઇનામ મેળવવા બદલ **શુક્લ મોહલને** અભિનંદન.

**તરણસ્પર્ધા :** શ્રેયસ અંગસૌષ્ઠવકેન્દ્ર આયોજીત સ્પર્ધાઓમાં પ્રેમલ ભટ્ટે ૨૫ મીટર ફ્રી સ્ટાઇલમાં પ્રથમ તથા ૨૫ મીટર બેક સ્ટ્રોકમાં પ્રથમ, પાર્થ ભટ્ટે ૨૫ મીટર ફ્રી સ્ટાઇલમાં દ્વિતીય, તથા પ્રશાંત ભટ્ટે ૨૫ મીટર બેકસ્ટ્રોકમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી પ્રમાણપત્રો મેળવ્યાં છે. તે માટે ધન્યવાદ.

**ચિત્ર પરીક્ષા :** ગુજરાત રાજ્ય તરફથી લેવાતી એલીમેન્ટરી તથા ઇંટરમીડીયેટ પરીક્ષાનું શાળાનું પરિણામ લગભગ ૧૦૦% આવ્યું છે. પાસ થનાર સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને ધન્યવાદ.

## વિનયમંદિર

**પ્રખરતા શોધ પરીક્ષા :** ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ આયોજીત પ્રખરતા શોધ પરીક્ષામાં નીચેનાં વિદ્યાર્થીઓ ઇનામ મેળવવા સફળ નિવડયાં છે. તે બદલ તેમને ધન્યવાદ.

**રાજ્યકક્ષા**

| શ્રેણી | નામ | વિષય | સ્થાન | રૂા. |
|---|---|---|---|---|
| ૯ | શાહ અનુજ | ગણિત | છઠ્ઠું | ૩૫૦ |
| ૯ | શાહ અનુજ | ગુજરાતી | આઠમું | ૨૫૦ |
| ૯ | શાહ કલગી | ગણિત | ત્રીજું | ૫૦૦ |
| ૮ | સોપારકર રૂચિ | ગુજરાતી | ત્રીજું | ૫૦૦ |
| ૮ | શાહ નિરાલી | ગુજરાતી | પાંચમું | ૪૦૦ |
| ૮ | શાહ નિધિ | અંગ્રેજી | નવમું | ૨૦૦ |
| ૮ | શાહ નિધિ | વિજ્ઞાન | ચોથું | ૪૫૦ |

**જિલ્લા કક્ષા**

| શ્રેણી | નામ | વિષય | સ્થાન | રૂા. |
|---|---|---|---|---|
| ૯ | શાહ અનુજ | ગુજરાતી | પ્રથમ | ૧૨૫ |
| ૯ | શાહ અનુજ | ગણિત | ચોથું | ૫૦ |
| ૯ | શાહ કલગી | ગણિત | દ્વિતીય | ૧૦૦ |
| ૮ | સોપારકર રૂચિ | ગુજરાતી | દ્વિતીય | ૧૦૦ |
| ૮ | શાહ નિરાલી | ગુજરાતી | ચોથું | ૫૦ |
| ૮ | શાહ નિધિ | વિજ્ઞાન | દ્વિતીય | ૧૦૦ |

તા. ૧૨-૧૦-૯૪નાં રોજ ક્રિકેટ ક્ષેત્રમાં જાણીતાં એમ્પાયર શ્રી હર્ષદભાઈ વ્યાસે ક્રિકેટ અને શિસ્ત વિષય પર માહિતીસભર વક્તવ્ય રજૂ કર્યું અને વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી પણ કરી.

તા. ૧૪-૧૦-૯૪નાં રોજ વિદ્યાર્થીઓએ 'ડર' નાટક રજૂ કર્યું.

તા. ૧૯-૧૦-૯૪નાં રોજ નવરાત્રિ નિમિત્તે બહેનોએ વિવિધતાભર્યા ગરબા ખૂબ સરસ રીતે રજૂ કર્યા.

તા. ૬-૧૨-૯૪નાં રોજ ન્યુ.એસ.સી. તથા એચ.એસ.સી.માં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ યોજવામાં આવ્યું. ચિ. ભાવિક વ્યાસને એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ આવવા બદલ પન્નાબેન ગાંધીનાં સ્મરણાર્થે રૂા. ૧૫૧, સામાન્ય પ્રવાહમાં પ્રથમ આવવા બદલ ચિ. તરલ ઝવેરીને સ્વ. પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે રૂા. ૧૫૧, તથા ન્યુ.એસ.એસ.સીમાં પ્રથમ આવવા બદલ ચિ. દેવલ સોપારકરને સ્વ. કલ્યાણભાઈ ગાંધીનાં સ્મરણાર્થે રૂા. ૧૫૧, નાં ઇનામો શ્રી દેવેન્દ્રભાઈ ઠાકરને હસ્તે આપવામાં આવ્યાં.બેન દેવલે આ પ્રસંગે ભાવસભર વક્તવ્ય રજૂ કર્યું.

તા. ૧૪-૧૨-૯૪નાં રોજ પ્રાર્થનાસભામાં સ્વામી વિવેકાનંદ આશ્રમનાં સ્વામી શ્રી નિખિલેશ્વરાનંદજીએ 'આત્મવિશ્વાસ - એકાગ્રતા' બંનેની જીવનમાં અગત્ય પર સદ્રષ્ટાંત અને અસરકારક વક્તવ્ય રજૂ કર્યું. વિદ્યાર્થીઓને સ્વામી વિવેકાનંદના પ્રેરણાદાયી પુસ્તકો ભેટ આપ્યાં.

**આંતરગૃહ સ્પર્ધાઓ**

**આરતી સ્પર્ધા : ૮-૧૦-૯૪**

| | |
|---|---|
| **પ્રથમ :** | સોપારકર રૂચિ ગીતગોવિંદ |
| **દ્વિતીય :** | પટેલ ગાયત્રી પદ્મપુકુર |
| **તૃતીયઃ** | પરીખ અંકિતા ગીતગોવિંદ |
| | ઓઝા દર્શિની પદ્મપુકુર |

**રંગોળી સ્પર્ધા : ૧૦-૧૦-૯૪**

| | |
|---|---|
| **પ્રથમ :** | પંચાલ અનિષા મેઘદૂત |
| **દ્વિતીય :** | મહેતા દિગીશા મેઘદૂત |
| | શાહ ભૂમિકા ચંદ્રમૌલિ |
| **તૃતીયઃ** | સોપારકર રૂચિ ગીતગોવિંદ |

**અભિનંદન કાર્ડ સ્પર્ધા : ૧૨-૧૦-૯૪**

| | |
|---|---|
| **પ્રથમ :** | દવે અનેરી પદ્મપુકુર |
| **દ્વિતીય :** | શાહ રિદ્ધિ ગીતગોવિંદ |
| | દવે ઋતા ચંદ્રમૌલિ |
| **તૃતીયઃ** | પટેલ ગાયત્રી પદ્મપુકુર |
| | દેસાઈ અનાર મેઘદૂત |

**ચેસ સ્પર્ધા : ૧-૧૨-૯૪**

| | |
|---|---|
| **પ્રથમ :** | ભટ્ટ જીગર ચંદ્રમૌલિ |
| **દ્વિતીય :** | મહેતા નીલ મેઘદૂત |
| **તૃતીયઃ** | ચૌહાણ જ્વલંત ચંદ્રમૌલિ |

**કેરમ સ્પર્ધા : ૨-૧૨-૯૪**

| | |
|---|---|
| **પ્રથમ :** | શાહ અપૂર્વ પદ્મપુકુર |
| **દ્વિતીય :** | રામી અંકિત ગીતગોવિંદ |
| **તૃતીયઃ** | ગોસલિયા ચિંતન ગીતગોવિંદ |

**સુગમ સંગીત સ્પર્ધા : ૭-૧૨-૯૪**

| | |
|---|---|
| **પ્રથમ :** | ઘોડાદ્રા પૂજન ચંદ્રમૌલિ |
| | દેસાઈ ધ્વનિ મેઘદૂત |
| **દ્વિતીય :** | દવે ઋતા ચંદ્રમૌલિ |
| | ત્રિવેદી તૃષિતા મેઘદૂત |
| **તૃતીયઃ** | શાહ વત્સલ પદ્મપુકુર |
| | વ્યાસ રૂચિ પદ્મપુકુર |

**વકતૃત્વ સ્પર્ધા : ૧૪-૧૨-૯૪**

| | | |
|---|---|---|
| **પ્રથમ :** | સોપારકર રૂચિ | ગીતગોવિંદ |
| **દ્વિતીય :** | શાહ રચયિતા | ચંદ્રમૌલિ |
| **તૃતીયઃ** | વ્યાસ ભૂમિ | ગીતગોવિંદ |

**અભિનંદન :** 'સંસ્કૃતિ' હૈદ્રાબાદ આયોજીત ઓલ ઇન્ડિયા રંગોળી ડિઝાઇન એક્ઝીબીશનમાં ચિ. અન્વી શાહને પ્રમાણપત્ર અને નેહરુ કલ્ચર એવોર્ડ મેળવવા બદલ અભિનંદન.


તંત્રી, મુદ્રક, પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ ૩૮૦ ૦૦૭.

ટાઇપ સેટીંગ : આકાશ ગ્રાફિક્સ, ૧૮ પલ્લવી ટાવર-૧, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯. ફોન : ૪૬૪૮૧૬

મુદ્રણ સ્થળ : મારૂતિ પ્રિન્ટર્સ, તાવડીપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૪. ફોન : ૩૧૨૩૧૨, ૩૪૫૫૫૯